# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-02-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM MEHSANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, યુવાનો આજે નોકરી માગનાર નહીં પણ નોકરી આપનાર બનીને આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂત કરી રહ્યા છે. મહેસાણા જિલ્લાના વિસનગરની સાંકળચંદ પટેલ વિશ્વવિદ્યાલયના ૪મા પદવીદાન સમારોહમાં શ્રી પટેલે યુવાનોની ઊર્જા અને પ્રતિભા રાજ્ય અને દેશના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

આ પ્રસંગે શ્રી પટેલે 2 હજાર 213 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી. કાર્યક્રમ દરમિયાન તેમણે યુનિવર્સિટી પરિસરમાં સોલર રૂફટોપ પાવર પ્રોજેક્ટનું લોકાર્પણ અને નવા નિર્માણ થનાર રમતગમત સંકૂલનું ખાતમુહૂર્ત પણ કર્યું.

. . . . . . . . . . . . .

# YOUTH EMERGION

ગાંધીનગર ખાતે વિધાનસભા પરિસરમાં અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં આજે યુથ ઈમર્સન કાર્યક્રમ યોજાયો. જેમાં આસામ વિધાનસભાના અધ્યક્ષ બિશ્વજિત દાઇમારી ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા અને શિક્ષણ વિભાગના વડા મુકેશ કુમારે માર્ગદર્શન પણ આપ્યું. જ્યારે વિધાનસભા સચિવ ચેતન પંડ્યાએ

વિધાનસભાની કાર્યવાહી અંગે માહિતી આપી. દરમિયાન ગુજરાત અને આસામના વિદ્યાર્થીઓ વચ્ચે સંવાદ પણ થયો હોવાનું વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું.

**(BYTE- SHANKAR CHAUDHARY, Speaker, Vidhansabha)**

દરમિયાન આસામ વિધાનસભાના અધ્યક્ષ બિશ્વજિત દાઇમારીએ જણાવ્યું, ગુજરાત ડેરી ક્ષેત્રે આગળ છે ત્યારે આસામ પણ આ દિશામાં આગળ વધી રહ્યું છે.

. . . . . . . . . . . . .

# GOSABARA WETLAND

પોરબંદરનું ગોસાબારા ફ્લેમિંગો સિટીને રામસર સાઇટ બનાવવા દરખાસ્ત કરવામાં આવી છે. ત્યારે આગામી સમયમાં ગોસાબારા રાજ્યનું ૯૬ પક્ષી અભયારણ્ય બનશે. આ અંગે વધુ માહિતી આપતા વન્યજીવ પ્રભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષક ડૉ. જયપાલ સિંઘે જણાવ્યું, આ અભયારણ્યને રામસર સાઇટનો દરજ્જો મળવાથી પ્રવાસન વધશે અને વૈશ્વિક ઓળખ માટે વન વિભાગનું આ પગલું મહત્વનું સાબિત થશે.

(BYTE- JAYPALSINGH, IFS)

. . . . . . . . . . . . . .

# AHMEDABAD TRIBAL FAIR

અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે ‘પરંપરાગત આદિવાસી હસ્તકલા, આહાર અને વનૌષધિય મેળો યોજાયો. આ સાત દિવસીય મેળામાં માત્ર વસ્તુઓનું વેચાણ જ નહીં, પરંતુ એક સશક્ત આદિવાસી સમાજની ગાથા રજૂ કરવામાં આવી હતી.

રાજ્યના 13 જેટલા જિલ્લામાંથી આવેલા કલાકારો માટે આ મેળો આજીવિકાનું કેન્દ્ર બન્યો હતો. મેળામાંથી માત્ર 7 દિવસમાં આદિવાસી ભાઈ-બહેનોએ 15 લાખ રૂપિયાની આવક મેળવી. આ મેળામાં 42 આદિવાસી હસ્તકલાકૃતિ, 17 વનૌષધિય ચિકિત્સા પ્રણાલી અને 16 પરંપરાગત આહારના સ્ટોલ મળી કુલ 75 સ્ટોલ્સ બનાવાયા. જેમાં 112 કલાકારો સહભાગી બન્યા હતા.

. . . . . . . . . . . . . .

# MAHISAGAR KADANA DAM

મહીસાગર જિલ્લાના કડાણા ડેમમાંથી ડાબા કાંઠા કેનાલમાં પાણી છોડવામાં આવી રહ્યું છે જેના લીધે કમાંડ વિસ્તારમાં આવતા કડાણા તાલુકાના 40 અને લુણાવાડા તાલુકાના 90 મળી કુલ 130 ગામના

ખેડૂતોની 11 હજાર  હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે. રવિ સીઝનના અંતિમ તબક્કાના પાક માટે અને હવે શરૂ થનાર ઉનાળુ સીઝન તેમજ પશુઓ માટેના ઘાસચારાના વાવેતર માટે આ પાણી આશીર્વાદરૂપ સાબિત થશે.

. . . . . . . . . . . . .

## MEHSANA  SCHOOLGAMES

મહારાષ્ટ્રના નાદેડમાં યોજાયેલી 69મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં મહેસાણા જિલ્લાના ખેરાલુની પ્રિયાંશી બારોટે નેટબોલ ગર્લ્સ અંડર-17માં રાષ્ટ્રીયકક્ષા એ કાંસ્ય ચંદ્રક જીત્યો છે. ધોરણ 9માં અભ્યાસ કરતી પ્રિયાંશી એ ગુજરાત ટીમ વતી અન્ય સાત રાજ્યોની ટીમો સામે મેદાન માર્યું હતું.

. . . . . . . . . . . . .

## DAMAN TUG OF WAR

38મી સિનિયર નેશનલ ટગ ઓફ વોર એટલે કે રસ્સા ખેંચ ચેમ્પિયનશિપમાં દમણની પુરુષો અને મહિલાઓની ટીમોએ રજત ચંદ્રક જીત્યા. મહારાષ્ટ્રના પાલઘરમાં યોજાયેલી આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં, દાદરા નગર હવેલી અને દમણ-દીવના કેન્દ્રશાસિત પ્રદેશોની સિનિયર પુરુષો અને મહિલાઓની ટીમોએ અસાધારણ પ્રદર્શન કરી બે રજત ચંદ્રક જીત્યા.

સિનિયર પુરુષોની શ્રેણીમાં, કેન્દ્રશાસિત પ્રદેશની ટીમે મહારાષ્ટ્ર, બીજી મેચમાં કર્ણાટક અને ત્રીજી મેચમાં હિમાચલ પ્રદેશ સામે મજબૂત પ્રદર્શન કર્યું જ્યારે મહિલા શ્રેણીમાં, કેન્દ્રશાસિત પ્રદેશની ટીમે સેમિફાઇનલમાં હરિયાણાને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો. ફાઇનલમાં પુરુષ અને મહિલા ટીમોએ કેરળ સામે સખત લડત આપીને રજત ચંદ્રક પોતાના નામે કર્યો.

. . . . . . . . . . . . .

# MODASA – DEVELOPMENT PROJECTS

મોડાસા નગરપાલિકામાં નવીના લીમડા તળાવના વિકાસ માટે 2 કરોડ 50 લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જેની ટૂંક સમયમાં કામગીરી હાથ ધરવામાં આવશે. અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ મોડાસાના માલપુર રોડ પર આઇકોનિક રોડ બનાવવાની કામગીરી મહદ અંશે પૂર્ણ કરી દેવામાં આવી છે. ઉપરાંત 10 કરોડના ખર્ચે મોડાસા શહેરમાં રિવર પાર્કનું કામકાજ શરૂ કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .